# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ તા. ૩૧ ઓક્ટોબરના રોજ 'રાષ્ટ્રીય એકતા' દિવસ શપથ વિધિ કાર્યક્રમ યોજાયો

લોહપુરૂષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ તા.૩૧ ઓકટોબરના રોજ 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવાય છે. તેમના જન્મદિવસ ઉજવણી નિમિતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે સમગ્ર યુનિવસિર્ટી સ્ટાફ દ્વારા 'શપથ ગ્રહણ' સમારોહનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં રાષ્ટ્રીય એકતા, દેશની અખંડિતતા, રાષ્ટ્રપ્રેમ અને દેશની આંતરિક સુરક્ષા બનાવી રાખવા માટે સમર્પિત થઇ કટિબધ્ધ થવા સર્વએ શપથ લીધેલી. જેમાં અત્રેના કેન્દ્રનાં સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, ડો. ડી. બી. પ્રજાપતિ અને ડો. અજયભાઇ ભાણવડીયા, સંશોધન વૈજ્ઞાનિક વ નોડલ અધિકારી, ડો. હિતિક્ષાબેન મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ.,આણંદ તેમજ ડો. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

